# ૨૦મી બાદ ચૂંટણીની જાહેરાત થવાની શક્યતા

## ડે. ઈલેક્શન કમિશનર ૧૬-૨૦ સુધી ગુજરાતની મુલાકાતે : ચૂંટણીઓને લઈને મોટા સમાચાર

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ૨૦મી ઓક્ટોબર પછી ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. ૨૦ ઓક્ટોબર પછી અઠવાડિયાની અંદર જ ચૂંટણીની જાહેરાત થવાની શક્યતા છે. ડેપ્યુટી ઈલેક્શન કમિશનર ૧૬થી ૨૦મી ઓક્ટોબરથી ગુજરાતની મુલાકાતે છે. જિલ્લા સ્તરે ચૂંટણીની તૈયારીને આખરી સમીક્ષાનો આરંભ થયો છે. મુખ્ય ચૂંટણી કમિશ્નર ૨૬મી સપ્ટેમ્બર ગુજરાતની મુલાકાત લઈ ચૂક્યા છે. ૨૦૧૭માં ૨૫મી ઓક્ટોબરે ચૂંટણી જાહેર થઈ હતી. ૨૦૧૭માં ૧૩ અને ૧૭ ડિસેમ્બર એમ બે તબક્કામાં મતદાન થયું હતું. ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા કુલદીપસિંહ રાઉલજીના કારણે હવે કોંગ્રેસમાં કકળાટ શરૂ થયો છે. વિધાનસભા ચૂંટણી પહેલા ટિકિટને લઈને રાજકીય ગરમાવો આવી ગયો છે. ૪ વખત ધારાસભ્ય અને મંત્રી રહી ચૂકેલા ખુમાનસિંહ ચૌહાણે કુલદીપસિંહ રાઉલજી સામે બાયો ચડાવી છે. તમને જણાવી દઈએ કે, ખુમાનસિંહ કોંગ્રેસના દિગ્ગજ નેતા છે. હવે તેમણે વિરોધ નોંધવતા સમગ્ર વિસ્તારમાં રાજકીય હડકંપ સર્જાયો છે. તેમણે કહ્યું કે, હું જ સાવલી વિધાનસભા બેઠક માટે કોંગ્રેસનો ઉમેદવાર છું. તેમણે એમ પણ કહ્યું કે, હું કોંગ્રેસમાંથી લડીશ અને જીતીશ. તેમણે એમ પણ કહ્યું કે, ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલા કુલદીપસિંહ રાઉલજીને ટિકિટ આપી તો કોંગ્રેસની કારમી હાર થશે. ૧૦ વર્ષથી ભાજપમાં રહેલા કુલદીપસિંહ રાઉલજીએ ભાજપ મોવડી પાસે ટિકિટ માંગી હતી પણ ટિકિટ ન મળવાના એંધાણ મળતા જ કોંગ્રેસમાં જોડાયા હતા. જોકે ૨૦૧૭માં ખુમાનસિંહને કોંગ્રેસે ટિકિટ ન આપતા તેઓ એન.સી.પીમાં જોડાયા હતા અને ચૂંટણી હાર્યા હતા. આમ કોંગ્રેસમાં ઉમેદવાર જાહેર થાય તે પહેલા જ વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે. ખુમાનસિંહે કહ્યું કે, માની લો કે કુલદીપસિંહ રાઉલજીને કોંગ્રેસમાંથી ટીકિટ મળે અને જીતે તો પણ ૪ મહિના પછી ભાજપમાં જોડાઈ જશે. કોંગ્રેસમાંથી ભાજપમાં જતા ધારાસભ્યોની માફક કુલદીપસિંહ મામલે પણ ખુમાનસિંહએ શંકા વ્યક્ત કરી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. બીજી તરફ પક્ષપલટાની સિઝન પણ પૂર જોશમાં ચાલી રહી છે. ભાજપે હર્ષ રિબડિયાને પોતાની પાર્ટીમાં લઈને કોંગ્રેસને ઝટકો આપ્યો હતો. તો આજે કોંગ્રેસે વળતો પ્રહાર કરતા વડોદરા ભાજપના આગેવાન કુલદીપસિંહ રાઉલજીને કોંગ્રેસમાં જોડ્યા છે. કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરે ખેસ પહેરાવી તેમનું સ્વાગત કર્યું હતું.આ અવસરે પૂર્વ પ્રમુખ અમિત ચાવડા અને સિદ્ધાર્થ પટેલ હાજર રહ્યા હતા.

# રાજ્યના ૨૩ સનદી અધિકારી બદલાયા : કોની ક્યાં બદલી

અમદાવાદ, તા.૧૨

| IAS અધિકારી | અહીં બદલી કરાઈ |
| --- | --- |
| એમ. થેન્નારસન | AMC કમિશનર |
| રાહુલ ગુપ્તા | GIDCના વાઈસ-ચેરમેન અને એમડીનો વધારાનો ચાર્જ |
| ધવલ પટેલ | અમદાવાદ કલેક્ટર |
| ડી.એસ. ગઢવી | આણંદ કલેક્ટર |
| ધરમેન્દ્રસિંહ જાડેજા | ડાંગ-આહવા કલેક્ટર |
| જી. ટી. પંડ્યા | મોરબી કલેક્ટર |
| બી. આર. દવે | તાપી-વ્યારા કલેક્ટર |
| પ્રવીણા ડી. કે. | ગાંધીનગર કલેક્ટર |
| બી. કે. પંડ્યા | મહીસાગર-લુણાવાડા કલેક્ટર |
| દિલીપ રાણા | કચ્છ-ભુજ કલેક્ટર |
| યોગેશ નિરગુડે | ગાંધીનગર આદિવાસી વિકાસ ડાયરેક્ટર |
| આર. એ. મેરજા | ભાવનગર કલેક્ટર |
| પી. આર. જોશી | ભરૂચના ડિસ્ટ્રિ.ડેવલપમેન્ટ ઓફિસર |
| બી. કે. વસાવા | સુરતના ડિસ્ટ્રિ. ડેવલપમેન્ટ ઓફિસર |
| એસ. ડી. ધાનાણી | દેવભૂમિ દ્વારકા ડિસ્ટ્રિ. ડેવલપ ઓફિસર |
| સંદીપ સેગલે | ગાંધીનગર કોર્પોરેશન કમિશનર |
| એમ. વાય. દક્ષિણી | પંચાયત અને રૂરલ હાઉસિંગ ડિપાર્ટમેન્ટના એડિશનલ સેક્રેટરી |
| હરજી વાધવાનિયા | ATMAના ડાયરેક્ટર |
| મનીષ કુમાર | ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના એમડી |
| જે. બી. પટેલ | ગાંધીનગર યૂથ સર્વિસ એન્ડ કલ્ચર એક્ટિવિટીના ડાયરેક્ટર |
| યોગેશ ચૌધરી | દક્ષિણ ગુજરાત વીજ કંપનીના એમડી |
| કે. એસ. વસાવા | ટેક્નિકલ એજ્યુકેશનના ડાયરેક્ટર |
| જેશમીન હસરત | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી.ના એમડી |

# શિક્ષકોના ગ્રેડ પે અને વર્ગ-૪ના કર્મચારીઓને દિવાળી બોનસ

## ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે દિવાળી પહેલા સરકાર દ્વારા વિવિધ કર્મચારીઓને લઇને સતત હકારાત્મક નિર્ણયો

ગાંધીનગર,તા.૧૨

દિવાળી પહેલા ગુજરાત સરકારે AMCના શિક્ષકો અને વર્ગ-૪ના કર્મચારીઓને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે આ વખતે AMCના શિક્ષકો અને વર્ગ-૪ના કર્મચારીઓની દિવાળી સુધારી દીધી છે.ગુજરાતની નગરપાલિકા અને મહાનગરપાલિકાના શિક્ષકોની દિવાળી સુધરી ગઈ: રાજ્ય સરકારે મંજૂર કર્યો ૪૨૦૦ ગ્રેડ પે, છેલ્લાં ઘણા વર્ષોથી શિક્ષકો ચલાવી રહ્યાં હતા લડત, AMC શિક્ષક મંડળે માન્યો સરકાર અને AMC સ્કૂલ બોર્ડનો આભાર. રાજ્ય સરકારે નગરપાલિકા અને મહાનગરપાલિકાના શિક્ષકોનો ૪૨૦૦ ગ્રેડ પે મંજૂર કરી દીધો છે. છેલ્લાં ઘણા સમયથી આ શિક્ષકો ૪૨૦૦ ગ્રેડ પેને લઈને લડત ચલાવી રહ્યાં હતા. ત્યારે અંતે સરકારે શિક્ષકોની તરફેણમાં હકારાત્મક નિર્ણય લેતા AMC શિક્ષક મંડળે સરકાર અને AMC સ્કૂલ બોર્ડનો આભાર માન્યો છે. તો બીજી બાજુ હવે વર્ગ-૪ના કર્મચારીઓની પણ દિવાળી સુધરી ગઈ છે. કારણ કે રાજ્ય સરકારે દિવાળી પહેલા વર્ગ-૪ના કર્મચારીઓને બોનસ આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર વર્ગ-૪ના કર્મચારીઓને મહત્તમ ૩૫૦૦ની મર્યાદામાં બોનસ ચુકવશે. જેઓની છ મહિનાની સળંગ નોકરી હોય તેઓને ગુજરાત સરકાર બોનસ આપશે.

# મોદી કાગવડ ખોડલધામ ધજા ચઢાવવા જઈ શકે છે

## ચેરમેન નરેશ પટેલ સહિતના અગ્રણીઓ આમંત્રણ આપવા આ અઠવાડિયામાં જશે

રાજકોટ, તા.૧૨

વિધાનસભાની ચૂંટણી પહેલા સૌરાષ્ટ્રના રાજકારણમાં મોટા સમાચાર સામે આવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખોડલધામ ધજા ચડાવવા આવી શકે છે. લેઉવા પાટીદાર અગ્રણી સાથે ખોડલધામમાં મુલાકાત કરી શકે છે. લેઉવા પાટીદારોના કુળદેવી કાગવડ ખોડલધામમાં બીરાજમાન છે. સૌરાષ્ટ્રના ૨૨ સીટો પર લેઉવા પાટીદારોનું પ્રભુત્વ છે.

ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલ, રમેશભાઈ ટીલાળા સહિતના અગ્રણીઓ પ્રધાનમંત્રીને આમંત્રણ આપવા માટે આ અઠવાડિયામાં જશે. ટુંક સમયમાં પ્રધાનમંત્રી ખોડલધામ આવી શકે છે.

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપના અગ્રણી નેતાઓ એક બાદ એક સભા અને બેઠકો કરી રહ્યા છે. આ દરમિયાન સમાચાર સામે આવ્યા છે કે, ભાજપની ગૌરવ યાત્રા શરુ થતા પહેલા ફેરફાર કરવામાં આવ્યો છે. ઉતર ગુજરાતની ગૌરવ યાત્રામાં હાર્દિક પટેલની જગ્યાએ ઋષિકેશ પટેલ ,રજની પટેલ,નંદાજી ઠાકોર, નીતિન પેટલ નેતૃત્વ સોપવામાં આવ્યું છે. કેન્દ્રીય નેતૃત્વમાં દાનવે રાવસાહેબની સાથે પરષોત્તમ રૂપાલા પણ નેતૃત્વ કરશે. ૧૨ ઓક્ટોબરે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની સાથે હાર્દિક પટેલ જોડાવાનો હતો. નોંધનિય છે કે, મહેસાણામાં હાર્દિક પટેલ વિરુધ્ધ કેસ ચાલી રહ્યો છે. તે અંદર જામીન અરજીનો ભંગ ન થાય તે માટે કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

### તા.૧૯થી ૨૪ સુધી એસટી નિગમની વિશેષ વ્યવસ્થા

# દિવાળી પર્વો દરમિયાન વધારાની ૨૩૦૦ એસટી બસો દોડાવશે

## પ્રવાસીના ધસારાને પહોંચી વળવા માટે નિર્ણય લેવાયો

અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં તહેવારોની સિઝન શરૂ થવા જઈ રહી છે ત્યારે રાજ્યના મુસાફરો માટે સારા સમાચાર આવ્યા છે. દિવાળીને લઈને જી્ વિભાગ દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જે મુજબ તહેવારોની સિઝન દરમિયાન રાજ્ય માર્ગ પરિવન વિભાગ દ્વારા વધારાની બસો દોડવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, જેથી તહેવારોમાં મુસાફરોને કોઈ પણ જાતની હાલકી ભોગવવી ન પડે.દરેક તહેવારોમાં એસટી નિગમ દ્વારા પ્રવાસીઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોય છે. ત્યારે આગામી દિવાળીના તહેવારમાં પણ પ્રવાસીના ધસારાને પહોંચી વળવા માટે એસ.ટી નિગમ દ્વારા વધારાની ૨૩૦૦ બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અમદાવાદ અને સુરતમાં સૌથી વધુ સૌરાષ્ટ્રવાસીઓ વસી રહ્યા છે. આ લોકો દિવાળીના વેકેશન દરમિયાન વતનમાં જતા હોય છે. દિવાળીના તહેવારને લઈને રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન પર પ્રવાસીઓનો ધસારો વધી જાય છે. ત્યારે પ્રવાસીઓને કોઈ હાલાકી ન વેઠવી પડે તે માટે એસટી નિગમ ૧૯થી ૨૪ ઓક્ટોબર દરમિયાન વધારાની ૨૩૦૦ બસો દોડાવશે. જેમાંથી ૧૫૫૦ જેટલી વધારાની બસો સુરત ડિવિઝનમાંથી દોડાવવામાં આવશે. જ્યારે અમદાવાદ વિભાગમાંથી પણ વધારાની ૭૦૦ જેટલી બસો દોડાવવામાં આવશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, પંચમહાલ, દાહોદ, ગોધરા માટે વધારાનું સંચાલન કરવામાં આવશે તેવું એસ. ટી. નિગમના અધિકારી કે. ડી. દેસાઈએ જણાવ્યું છે.

કે.ડી દેસાઈએ જણાવ્યું કે, દિવાળીના પર્વ પર દરેક બસ સ્ટેશનો પર પ્રવાસીઓની સંખ્યા વધી જતી હોય છે એ પ્રવાસીઓને પૂરતા પ્રમાણમાં બસ મળી રહે એ માટે અમારા તમામ વિભાગીય નિયમકો, તમામ ટ્રફિક અધિકારીઓ, તમામ ડેપો મેનેજરોને હેડ ક્વાર્ટરમાં રહીને ટ્રાફિક સુપરવાઈઝરોને બસ સ્ટેશન પર હાજર રાખીને એક્સ્ટ્રા સંચાલન કરવા નિગમના ઉપાધ્યક્ષ ગાંધી સાહેબ દ્વારા આદેશો આપવામાં આવ્યા છે. માત્ર સુરત અને અમદાવાદ જ નહીં રાજ્યભરના એસટી ડેપોમાંથી વધારાની બસો દોડાવવામાં આવશે.

# જામકંડોરણામાં મોદીની સભામાં આવેલી ૪૦ છોકરીની તબિયત લથડી

## છોકરીઓને જામકંડોરણા સીએચસીમાં દાખલ કરાઈ પરંતુ ત્યાં તેમને સારવાર ન મળતા બેહોશ થઈ ગઈ હતી

રાજકોટ, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩ દિવસના ગુજરાત પ્રવાસે હતા. તેમણે ચૂંટણી પ્રચારને લઈને પણ ગુજરાતના વિવિધ સ્થળોએ વિશાળ જનમેદનીને સંબોધન કર્યું હતું. આ દરમિયાન ગઈ કાલે તેઓ જામકંડોરણા ગયા હતા.આ દરમિયાન કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે ટ્વીટ કર્યું હતું કે, જામકંડોરણામાં પીએમ મોદીની સભા માટે નાની દીકરીઓને લાવવામાં આવી હતી. જેમાંથી આ સભા દરમિયાન ૪૦ જેટલી દીકરીઓની તબિયત લથડી હતી. તેમને સારવાર અર્થે જામકંડોરણા સીએચસીમાં દાખલ કરવામાં આવી હતી પરંતુ ત્યાં તેમને સારવાર ન મળતા દીકરીઓ બેહોશ થઈ હતી અને તેઓને રાજકોટ સિવિલમાં લઈ જવી પડી હતી.

### બદલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેવા સુધારણા અભિયાન અંતર્ગત નવા ભરતીના નિયમોની મંજૂરી, નવા મહેકમની મંજૂરી તેમજ ગાંધીનગર મનપાને ત્રણ ઝોનમાં વિભાજીત કરવાના મહત્વના નિર્ણયો લીધા છે.

ડૉ. ધવલ પટેલને અમદાવાદ કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જ્યારે અમદાવાદના કલેક્ટર સાંગલેને ગાંધીનગર મનપાના કમિશનર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે ડી.કે. પ્રવિણાની નિમણુંક કરવામાં આવી છે. તેઓ કચ્છમાં કલેક્ટર તરીકે સેવાઓ બજાવતા હતા. તેઓ ડૉ. કુલદીપ આર્યના અનુગામી થશે.

હાલ ગાંધીનગર કલેક્ટર તરીકેનો વધારાનો હવાલો ધરાવતા સુશ્રી સુરભિ ગૌત્તમને વધારાના ચાર્જમાંથી મુક્ત કરાયા છે.

આ બન્ને નવા વરાયેલા અધિકારીઓ બુધવારે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ જાણવા મળેલ છે.

### ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલાકાતીઓને પણ સાનુકુળતા રહેશે. ટાઉનહોલનુ બુકીંગ પણ ઓનલાઇન કરી દેવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. જયારે ટાઉનહોલના નવિનીકરણ બાદ હોલના ભાડામાં પણ ૨૦ ટકાનો ભાવ વધારો કરવામાં આવશે જયારે ઓન લાઇન બુકીંગને અનુલક્ષી જો સરકારી કાર્યક્રમ યોજવાનો હોય તેવા સંજોગોમાં સંસ્થાએ અન્ય દિવસોમાં કાર્યક્રમ કરવાનો રહેશે અલબત્ત એ દિવસમાં ટાઉનહોલ મળી શકશે નહી તે મુજબના આયોજનને ધ્યાનમાં રાખીને હોલની બુકીંગ પ્રક્રીયા ઓનલાઇન કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે આવા સંજોગોમાં બુકીગની રકમ પરત કરાશે નહીં.જયારે ઓનલાઇન બુકીંગ અન્વયે એક જ સમયે એક જ દિવસ માટે એકથી વધુ અરજદાર હોય તેવા સંજોગોમાં કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરાશે. જયારે ઓનલાઇન બુકીંગ પ્રક્રીયા માટે સરકારી કંપની એન આઇ સી પાસે સોફટવેર પણ તૈયાર કરાવવા માટે આયોજન કરાયુ છે.

### નવું પાર્કિંગ પ્લેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ શેડ બનાવવા સહીતની કામગીરી પુર્ણ કરાશે. જયારે આગામી ત્રણ મહીનામાં પાર્કીગ પ્લેસની કામગીરી તૈયાર કરી દેવાશે. નવા સચિવાલયની જેમ અન્ય સરકારી કચેરીઓમાં પણ પાર્કીગ વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયેલુ છે. શહેરમાં નજર નાંખો ત્યા પાર્કીગ પ્રોબ્લેમ છે. અલબત્ત પાર્કીગના આયોજનના અભાવે પણ ઠેર ઠેર ટ્રાફિક જામ થાય છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાય છે. શહેરની અન્ય સરકારી કચેરીઓમાં પણ પાર્કીગ વ્યવસ્થા તરફ ધ્યાન આપવામાં આવે તો રોજબરોજ ગોથે ચઢતા મુલાકાતીઓને પણ રાહત થાય તેમ છે. સ્માર્ટ બનતા ગાંધીનગરમાં જાહેર સ્થળોએ પણ પાર્કીગ વ્યવસ્થા જળવાતી નથી.

### નહિ મોકલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુક્રેન પર હુમલાની ઝડપ અને તાકાત વધારી છે. હુમલાઓ જોઈને, પુતિન અને તેમના નજીકના મિત્રોના નિવેદનો સાંભળીને એવું લાગે છે કે સ્થિતિ પરમાણુ હુમલાની પણ થઈ રહી છે. રુસો-યુક્રેન યુદ્ધની વચ્ચે આજે એક મોટી બેઠકની અપેક્ષા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન આજે મળી શકે છે.

### દિવાળી ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નબળાઈ અને ક્રૂડ કિંમતો ઝડપથી વધતા ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ભારે નુકસાન ઉઠાવવું પડી રહ્યું છે. એમ કહેવાઈ રહ્યું છે કે આ નુકસાનની ભરપાઈ કરવા માટે તેમને લાંબો સમય લાગી શકે છે.

### સીધી ટક્કર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાય ત્યાં સુધી તેના તમામ પ્રિ-ઓર્ડર રિફંડ કરવા માટે જણાવ્યું હતું. હવે તે ગ્લોબલ મોબાઈલ પર્સનલ કોમ્યુનિકેશન્સ માટે ટૂંક સમયમાં અરજી કરવા જઈ રહી છે. ભારતમાં બ્રોડબેન્ડ સર્વિસના ફેલાવા માટે પુષ્કળ શક્યતા છે. મોટા ભાગના વિસ્તારોમાં 4G સર્વિસ પહોંચી ગઈ છે.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

"ત્રણ અકસ્માતઃ બારણું બંધ કરવાનું રહી એક માણસ ઘર છોડીને બહાર નીકળી ગયો; ઘરે એની વહુને દીકરો રાહ જુએ, પણ ધૂનમાં એ ઝાડ નીચે બેસી રહ્યો. ખાધા પીધા વિના મરવા પડ્યો. કહે છે કે એક ભરવાડણે દયા લાવી દૂધ પાયું. હવે સ્થિતિ સુધારા પર છે. એનું નામ પૂછતાં ગૌતમ બુદ્ધ એમ કહે છે. લાગતા વળગતાએ ઘટતી તપાસ કરી એ વ્યક્તિનો કબજો લઈ લેવો.

સાંજને વખતે ટેકરી પર ઉભા કરેલા થાંભલા પર ચઢીને એક માણસ કશુંક જોવા ગયો. એ શું જોવા ગયો હતો તે વિશે કશી આધારભૂત માહિતી જાણવા મળી નથી પણ અંધારામાં નીચે ઉતરવા જતા એ ખીલામાં ભેરવાયો ને એ જ દશામાં મરણ પામ્યો. એનું નામ ઈશુ એમ કહેવામાં આવે છે. પોલીસને સંબંધ વિશેની ખાતરી આપતાં મૃતદેહનો કબજો સોંપવામાં આવશે.

બે બંદૂકની ગોળી સાંજને વખતે સહેજ લટાર મારવા નીકળી હતી. કોઈ 'રામ રામ' બબડતો ધૂની માણસ દેખતો છતાં ન દેખતો એ ગોળીના માર્ગમાં આડે આવવાથી ગોળીના માર્ગમાં અંતરાય ઉભો થયો. એનું નામ મોહનદાસ હતું એમ કહેવાય છે. આવા ગાફેલ આમ બેધ્યાન બનીને ફરે છે તેથી આવા અકસ્માત થાય છે. એ વિશે ભવિષ્યમાં કાળજી રાખવી."

**સ્પર્શમણિ :**

'ચાકુ, ખંજર, તીર અને તલવાર અંદર અંદર લડતાં હતાં કે કોણ વધારે ઊંડો જખમ કરે છે? અને... "શબ્દો" પાછળ બેઠા બેઠા હસતા હતા!'

**સફળતાનો મંત્ર :**


"ધીમે ચાલવું પણ કોઈની પાછળ નહીં"

rasikvaland1965@gmail.com
૯૯૧૩૪ ૨૬૯૪૯

# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાનો લાભ ગરીબો સુધી પહોંચાડતી ડબલ એન્જિન સરકાર

## ગરીબોને અનાજ આપવા માટે કટીબદ્ધ છે રાજ્યની ડબલ એન્જિન સરકાર





- ભારત સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીના લીધે કોઈ પણ ગરીબ વ્યક્તિ/પરિવારને ભૂખ્યુ ન રહેવુ પડે અને તમામ જરૂરિયાતમંદોને પૂરતુ અન્ન મળી રહે તે માટે "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" (P.M.G.K.A.Y.)ને એપ્રિલ – ૨૦૨૦ માં જાહેર કરવામાં આવેલ છે.
- P.M.G.K.A.Y. અંતર્ગત સમગ્ર રાજ્યમાં "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા -૨૦૧૩" (N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ અંદાજીત ૭૧ લાખ કુટુંબોની ૩.૪૮ કરોડ જનસંખ્યાને તેઓને મળવાપાત્ર રાહતદરના અનાજ ઊપરાંત, વ્યક્તિ દિઠ ૫ કિ.ગ્રા. વધારાના અનાજના વિનામૂલ્યે વિતરણનો લાભ મળે છે. ગુજરાત રાજ્યમાં પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા ઘઉં અને ૧.૫ કિ.ગ્રા ચોખા મળીને કુલ ૫ કિ.ગ્રા અનાજનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ છે.



- P.M.G.K.A.Y. – તબક્કા-૧ હેઠળ – માહે એપ્રિલ, મે અને જુન-૨૦૨૦ એમ ત્રણ માસ માટે અને P.M.G.K.A.Y. – તબક્કા-૨ અંતર્ગત માહે જુલાઇ-૨૦૨૦ થી નવેમ્બર -૨૦૨૦ એમ પાંચ માસ દરમ્યાન પ્રતિ માસ વ્યક્તિદીઠ ૩.૫૦૦ કિલો ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ (પાંચ) કિલો અનાજ તેમજ કુટુંબ દીઠ ૧ કિ.ગ્રા. ચણાનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ હતુ.
- આમ, એપ્રિલ થી નવેમ્બર-૨૦૨૦ એમ કુલ આઠ માસ દરમ્યાન સરેરાશ ૬૩ લાખ જેટલા લાભાર્થીઓને અંદાજે ૧૨ લાખ મે.ટન જેટલું અનાજ અને ૫૦ હજાર મે.ટન ચણાનું વિતરણ કરાયેલ હતુ.





- વર્ષ ૨૦૨૧- ૨૨ દરમ્યાન કોરોનાની બીજી લહેરના કારણે ઉદ્?ભવેલ પરિસ્થિતિના કારણોસર ભારત સરકાર દ્વારા યોજનાને પુનઃ અમલી બનાવી P.M.G.K.A.Y. – તબક્કા-૩ અંતર્ગત માહે મે-૨૦૨૧ અને જૂન-૨૦૨૧, એમ બે મહિના દરમ્યાન તબક્કા-૪ અંતર્ગત માહે જુલાઈ-૨૦૨૧ થી નવેમ્બર-૨૦૨૧ એમ પાંચ મહિના અને તબક્કા-૫ અંતર્ગત માહે ડીસેમ્બર-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ સુધીના ચાર મહિના મળી સમગ્ર વર્ષ દરમ્યાન મે-૨૦૨૧ થી માર્ચ-૨૦૨૨ સુધીના કુલ અગિયાર માસ માટે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ સમાવેશ થયેલ હોય તેવા ૭૦ લાખ રેશનકાર્ડ ધારકોની ૩.૪૫ કરોડ જનસંખ્યાને રાહત દરે મળવાપાત્ર નિયમિત રાશનના લાભ ઉપરાંત પ્રતિ માસ વ્યક્તિદીઠ ૩.૫૦૦ કિલો ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મળી કુલ પાંચ(૫) કિલો અનાજના વધારા વિનામૂલ્યે રાશનનો લાભ આપવામાં આવેલ છે.
- ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ભારત સરકાર દ્વારા આ યોજનાને વધુ ૬ માસ માટે લંબાવીને P.M.G.K.A.Y. તબક્કા-૬ હેઠળ એપ્રિલ-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી અમલવારી કરવામાં આવી રહેલ છે. ભારત સરકાર દ્વારા P.M.G.K.A.Y. તબક્કા-૬ હેઠળ કુલ ૧૦.૧૪ લાખ મે. ટન અનાજની ફાળવણી મળેલ છે.
- આ યોજના હેઠળ લાભાર્થીને મળવાપાત્ર નિયમિત રાશનના લાભ ઉપરાંત માહે એપ્રિલ-૨૦૨૨ માસમાં વ્યક્તિદીઠ ૩.૫૦૦ કિલો ઘઉં અને ૧.૫૦૦ કિ.ગ્રા. ચોખા મળી કુલ પાંચ(૫) કિલો તથા માહે મે-૨૦૨૨ થી સપ્ટેમ્બર-૨૦૨૨ માસ દરમ્યાન વ્યક્તિદીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ પાંચ(૫) કિલો અનાજના વધારા રાશનનો લાભ વિનામૂલ્યે લાભ આપવામાં આવેલ છે. જેમાં માહે સપ્ટેમ્બર-૨૦૨૨ સુધી ૯.૯૭ લાખ અનાજનું વિનામૂલ્યે વિતરણ થયેલ છે. જેમાં સરેરાશ માસિક ૯૮% જેટલું વિતરણ થયેલ છે.
- P.M.G.K.A.Y. તબક્કા-૭ માહે ઓકટોબર-૨૦૨૨થી ડિસેમ્બર-૨૦૨૨ સુધી ત્રણ માસ માટે કુલ ૫.૧૬ લાખ મે. ટન અનાજની ફાળવણી મળેલ છે. ઓકટોબર-૨૦૨૨નું વિતરણ તા. ૧૫/૧૦/૨૦૨૨થી શરુ થનાર છે. જેમાં માસ દરમ્યાન વ્યક્તિદીઠ ૧ કિલો ઘઉં અને ૪ કિલો ચોખા મળી કુલ પાંચ(૫) કિલો અનાજના વધારા રાશનનો વિનામૂલ્યે લાભ આપવામાં આવનાર છે.